Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું
અંક ૨
૨૫ નવેમ્બર

માગશર

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૦
ઇ. સ. ૧૯૬૩

अह अट्ठहिं ठाणेहिं, सिक्खासीलि त्ति वुच्चई ।
अहस्सिरे सयादन्ते, न य मम्ममुदाहरे ॥ ४ ॥
नासीले न विसीले वि, न सिया अइलोलुए ।
अकोहणे सच्चरए, सिक्खासीलि त्ति वुच्चइ ॥ ५ ॥

જે આઠ કારણોને લીધે મનુષ્ય 'શિક્ષાશીલ' કહેવાય છે તે આ છે:—

૧ તે વારંવાર હસનારો ન હોય, ૨ નિરંતર ઇંદ્રિયોને કાબુમાં રાખનારો હોય, ૩ બીજાનાં મર્મો ભેદાય એવાં વચન બોલનારો ન હોય, ૪ શીલ વિનાનો ન હોય એટલે કે સુશીલ હોય, ૫ શીલ વારંવાર બદલાયા કરે એટલે કે આચાર ઠેકાણા વગરનો હોય એવો પણ ન હોય, ૬ ખાવા પીવામાં કે વિષયોમાં અતિલોલુપ ન હોય, ૭ અક્રોધી-શાંતવૃત્તિનો હોય, ૮ સત્ય પરાયણ હોય–આવા ગુણોવાળો મનુષ્ય 'શિક્ષાશીલ' કહેવાય છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ ::વર્ષ ૮૦ મું:: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | ઋષભદેવ સ્તવન .... .... | (ભોજક મોહન ગીરધર-પાટણ) | ૧૩ |
| ૨ | શ્રી વર્દ્ધમાન મહાવીર : લેખાંક-૫૪ .... .... | (સ્વ. મૌક્તિક) | ૪ |
| ૩ | ન્યાયોપાર્જિત દાન એટલે શું? .... | (બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૮ |
| ૪ | આગમો વગેરેમાં સ્વપ્નો .... | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ.) | ૨૧ |
| ૫ | જિન દર્શનની તૃષા | (ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા) | ટાઇટલ પેજ ૩ |


## શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે આપની પાસે સં. ૨૦૧૯નું લવાજમ લેણું થયેલ છે, અને ૨૦૨૦નું લવાજમ ચડતર થવા લાગ્યું છે, એટલે આપના પાસે રૂ. ૬-૫૦ અંકે છ રૂપીયા પચાસ ન.પૈ. મનીઓર્ડરથી મોકલી આપવા કૃપા કરશો.


—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો :- શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું
અંક ૨ | માગશર | વીર સં. ૨૪૯૦
વિક્રમ સં. ૨૦૨૦

## ઋષભદેવ સ્તવન

(આનંદઘન કૃત)

### દુહા

હોય ભગતી એક નામ છે નાની મોટી સાર;
એક વરસની નાની વરી મોટી ચોવીસ ઉદાર. ૧
લઘુ વારો સુખ રોજ છે મોટી પનર દીવસ;
ચોત્રીસ સાથે ભોગવે કરો કવિ અર્થ જગીસ. ૨
જુદી જુદી તે ઉપની પિતા જુજ વા જાણ;
ખેમ વર્ધન એમ ઉચરે કરો અર્થ ગુણ ખાણ. ૩
અવધી કહી છ માસની કરે અર્થ પ્રકાશ;
તસ મતી રૂડી જાણવી બુદ્ધિ પ્રબળ ગુણ જાસ. ૪

### સ્તવન

દિન નહી ચયન-રયણ નહી નિદ્રા,
જોબન યોહિ જાય મેરી સુણ બાતં;
પ્યારે લલનાં તુમ ચોસઈ કાએ કુરૂ સાત.
અરે મનુ પ્યારા, હો મનુ પ્યારા. હો૦ ૧
હો ઋષભ મનુ પ્યારા-પ્રથમ તિર્થંકર;
પ્રથમ જિણેસર પ્રથમ યતી બ્રહ્મચારા હો૦ ૨
નાભિ રાયા માતા મરૂદેવી નંદન;
ત્રિલોકના જિન આધાર. હો૦ ૩
આનંદ ઘન કી એહી વિનતી;
ભવો ભવ દુઃખ નિવાર. હો૦ ૪

(દેવવિજયજી કૃત)

પ્રભુજી તું જગમાંહે દીવો,
ધુમ નહી નહી વાટ અનોપમ તેલકપૂર નપીવો. પ્ર૦ ૧
તિણ જગત્ર કે ભાવ પ્રકાશક,
કબહુ ન પવને છીણો. પ્ર૦ ૨
દેવ વિજય પ્રભુ ચરણ,
સરણ હે બહુત વરસ તુમ જીવો. પ્ર૦ ૩

—ભોજક મોહન ગિરધર પાટણ (ગુજરાત)

For Private And Personal Use Only

# શ્રી વર્દ્ધમાન-મહાવીર

લેખાંક : ૫૪

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

વીર્યાચારને અંગે પોતામાં ધર્મકાર્ય, ત્યાગ કે સેવાની શક્તિ હોય, છતાં એનો ઉપયોગ ન કર્યો હોય, શક્તિને અંદર ગોપવી રાખી હોય, પોતાનાં મન વચન કાયાને સુંદર કાર્યમાં ન જોડ્યાં હોય, દગડાઇ કરી મંદતા બતાવી હોય, દોડવા જેવા કામમાં ગોકળગાયની ગતિએ પ્રવૃત્તિ કરી હોય તેને માટે ક્ષમા માગું છું, મારું તે દુષ્કૃત મિથ્યા થાઓ

ચારિત્રાચારને અંગે થોડી વિશેષ હકીકતો રજૂ કરી તે માટે ક્ષમા યાચના કરી લેવાનો આ મોકો છે. પાંચ વ્રતને અંગે થયેલા દોષોની આલોચના કરવાની છે. અહિંસાવ્રતને અંગે પ્રથમ પાંચ એકેન્દ્રિય સ્થાવરની હિંસાના દોષો વિચારતાં પૃથ્વીકાયને અંગે ખેતર ખેડવાં, કૂવા તળાવ ખણાવવાં, ઘર બાંધવાં, ટાંકા ભોંયરા કરાવવાં, બંગલા બાંધવા અથવા રંગ-રોગાન કે લીંપણ-ગુંપણ કરતાં પૃથ્વીકાય જીવોની વિરાધના કરી, તેને અંગે જે પીડા અન્ય જીવને કરી હોય તે માટે ક્ષમા માંગું છું. અપ્કાયને અંગે ધોવા ન્હાવા માટે, શક્તિ સંગ્રહ કરવાને અંગે પાણીનો સંગ્રહ કરાવ્યો કર્યો હોય, વિજળી ઉત્પાદન માટે મોટાં સરોવરો અને નળોનો ઉપયોગ કરવાને અંગે અપ્કાય જીવની વિરાધના કરી હોય, મોટી મીલો અંગે એંજીનો ચલાવ્યાં હોય, તેને અંગે અનેક અપ્કાય જીવોને પીડ્યાં હોય, કોલસાને બાળ્યા હોય, મોટી ભઠ્ઠીઓ કરી હોય, રિફાઈનરી કાઢી હોય, રંગાટનાં ખાતાં કાઢ્યાં હોય, ધોવાનાં ખાતાં કાઢ્યાં હોય, તેલ પીલવા માટે યંત્રો ગોઠવ્યાં હોય તેને અંગે અનેક તેજસ્કાયના જીવોને કિલામણા નીપજાવી હોય તેની ક્ષમા યાચું છું. અને પંખા ચલાવી, એંજીનમાં ડ્રાફ્ટ આપી, ધમણ દ્વારા પવન આપી જે કોઈ વાઉકાય જીવોની વિરાધના કરી હોય તે માટે ક્ષમા યાચના કરું છું. જંગલો કપાવીને, તેલ પીલીને, અળશી તલ એરંડા સરસવને ઘાણીમાં નાખીને, ગોળ-ખાંડ બનાવવા શેરડીને પીલીને, કંદ બટાટા ડુંગળીના મોટા વેપાર કરીને અને ફળોને કાપીને વનસ્પતિકાય જીવોની આ ભવ પર-ભવમાં વિરાધના કરી હોય, તેમને ચાંપ્યાં દુહવ્યાં હોય, તેમનાં રક્ષણ માટે ગોઠવણ ન કરી હોય, એમને અન્ય જીવો સાથે મેળવી પરસ્પર સંઘટ્યા હોય એ સર્વ માટે અંતઃકરણથી માફી માગું છું. એકેન્દ્રિય જીવોને કોઈ પણ પ્રકારે આ ભવમાં પર-ભવમાં કે ભવોભવમાં વારયાં દુહવ્યાં કે વિરાધ્યાં હોય કે તેમના જીવનનો પોતા માટે નફા માટે કે બેદરકારીએ વિનાશ કર્યો હોય, થવા દીધો હોય કે અજાણતા થઈ ગયો હોય તેને માટે મિથ્યા દુષ્કૃત માગું છું, ક્ષમા ચાહું છું, અંતરથી દિલગીરી બતાવું છું.

ઉપર એકેન્દ્રિય જીવોની વિરાધનાની ક્ષમાયાચના કરી તેમાં જીવ વધના ઉપદેશનો, એમાં ભાગ લેવાનો, એની ઉપેક્ષા કરવાનો, એની અનુમોદના કરવાનો અને એ પાપો કે વધો બીજા પાસે કરાવવાનો, એમ સર્વ વાતનો સમાવેશ આવી જાય છે અને તેવા થઈ ગયેલા પાપો માટે કે સ્ખલના કે ઉપેક્ષા માટે ક્ષમા યાચવાની છે અને તે નંદનમુનિએ માગી લીધી છે. તે જ પ્રમાણે કૃમિ, શંખ છીપ, પૂરા, જળો, ગંડોળા અળસિયા, ઇયળ વગેરે સ્પર્શન અને રસનની બેઇંદ્રિયવાળા જીવો તથા વિચલિત રસવાળા પદાર્થો કે અથાણાંઓમાં રહેલ બેઇંદ્રિય જીવોને દુહવ્યાં હોય તે માટે તથા કંથુઆ, જૂ, માંકડ, મંકોડા, કીડી, ચાંચડ, ધનેડાં, ગીંગોડા વગેરે (સ્પર્શન, રસન, ઘ્રાણ) ત્રણ ઇંદ્રિયોવાળા જીવોનો વિનાશ કર્યો કરાવ્યો અનુમોદ્યો હોય તે માટે તથા માખી વીંછી, તીડ, ભમરા, ભમરી, ખડમાંકડી,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરોળિયા, પતંગિયાં વગેરે સ્પર્શન રસન ઘ્રાણ અને ચક્ષુ રૂપ ચાર ઇંદ્રિયવાળા જીવોને મેં ચાંપ્યા દુહવ્યા વિરાધ્યા કે વિનાશ્યા હોય, અન્ય પાસે મરાવ્યા કુટાવ્યા કે ખલાસ કર્યા હોય કે તેનો થતો વિનાશ અટકાવ્યો ન હોય અથવા તેની અનુમોદના કરી હોય તે સર્વ માટે ક્ષમા ચાહું છું. અને પચેંદ્રિય જીવો પૈકી પાણીમાં જાળ નાખી માછલાં પકડ્યાં હોય, કે પકડાવ્યાં હોય, જંગલમાં શિકાર કરી હરણ સિંહ ચિત્તાને માર્યાં હોય કે ચકલા કબૂતર તેતરને ગલોલથી કે ગોળીથી વીંધ્યાં હોય-એમ જળચર થળચર કે ખેચર જીવોનો વિનાશ કર્યો કરાવ્યો અનુમોદ્યો હોય કે તેમને ત્રાસ આપ્યા હોય, પોપટને પાંજરામાં ઘાલી એની સ્વતંત્રતા લૂંટી હોય કે માછલીને બાટલી કે બાટલામાં નાખી એના રંગ રાગ ખાતર એને તડફડાવી હોય, એમ પંચેંદ્રિય તિર્યંચને સીધી રીતે કે આડકતરી રીતે ત્રાસ્યા હોય, દુહવ્યા હોય. હેરાન કર્યા હોય, તેમ અન્ય પાસે કરાવ્યું હોય કે એમને ફફડતાં તડફડતાં જોઇ એ વાતમાં રસ લીધો હોય કે અનુમોદના આ ભવમાં કે પરભવમાં કરેલ હોય તે સર્વ માટે ક્ષમા ચાહું છું, માફી માગું છું, ખેદ દર્શાવું છું, દિલગીરી બતાવું છું અને તેવા સર્વ કાર્યોની અંતરથી નિંદા કરું છું. આ રીતે અહિંસાવ્રતને અંગે થયેલા દોષોની આલોચના કરું છું, થઇ ગયેલી ભૂલ માટે ક્ષમા ચાહું છું, વારંવાર માફી માગું છું.[1]

બીજા સત્ય વ્રતને અંગે ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી અથવા પરવશપણાથી જે કાંઈ અસત્ય વચન બોલાયું હોય તેને માટે અંતઃકરણથી પશ્ચાત્તાપ કરું છું. ક્રોધ અને લોભમાં ઉપલક્ષણથી માયા અને માનનો સમાવેશ કરવો અને ભય તથા હાસ્યમાં રતિ અરતિ શોક દુગંછાનો પણ સમાવેશ કરવો. અસત્ય બોલવાના પ્રસંગો આ કષાય અને નોકષાય રૂપ મનોવિકારોથી થાય છે. ભળતું બોલાઈ ગયું હોય, અધુરૂં સત્ય બોલાઈ ગયું હોય, આડે રસ્તે ઉતારનારી વાત કહેવાય ગઈ હોય, મર્મ ભેદક વચન બોલાયું હોય તે સર્વ માટે ક્ષમા યાચું છું. કન્યાલીક, ભૂમ્યલીક, ગવાલીક, પારકી થાપણ ઓળવવી અને કોરટમાં કે રાજદરબારમાં જૂઠી સાક્ષી પૂરવી; આ પાંચ મોટકાં જૂઠાંને અંગે આ ભવ પરભવમાં દોષ કર્યો હોય તે માટે ક્ષમા ચાહું છું, નિંદા કરું છું, ખેદ કરું છું.

ત્રીજા અદત્તાદાન વ્રતને અંગે કપટ કરી, જૂઠું બોલી, ભળતું બોલી પારકાને ઠગવા, પૈસા પડાવી લેવા, ઓછા તોલ કરવા, માપ કે તોલાં ખોટાં રાખવાં, કાળાં બજાર કરી રાજદ્રોહ-મનુષ્યદ્રોહ કરવો, ચોરી કરવી, વગર હક્કે પારકું ધન પડાવી લેવું, બજારમાં ખોટી વાતો ફેલાવી ઊલટા સોદા કરી કરાવી ધન પડાવી લેવું, કોર્નર કરવા વગેરે સર્વનો સમાવેશ આ અદત્તાદાનમાં થાય છે. તોળતાં ડાંડી ચડાવવી, ખોટાં મશીને માલ તોળવો, લેવાદેવાનાં ત્રાજવાં જુદાં રાખવાં. આવી રીતે પારકા પૈસા પડાવી લેવાનાં કોઇ પણ કાર્ય આ ભવ પરભવમાં કર્યાં કરાવ્યાં કે અનુમોદ્યાં હોય તે સર્વ માટે ક્ષમા ચાહું છું, માફી માગું છું.

કામરાગથી, વિષય ઇચ્છાથી કે સરાગ ભાવથી દેવ સંબંધી, મનુષ્ય સંબંધી કે તિર્યંચ સંબંધી મેં અબ્રહ્મ સેવ્યું હોય, સ્ત્રીપુરુષના સહસંબંધથી થતી રાગદશા અનુભવી સેવી ભજી હોય તે સર્વ માટે ક્ષમા ચાહું છું. સાધુનું સર્વથા બ્રહ્મચર્ય અને ગૃહસ્થને પરદારા ગમનનો ત્યાગ બતાવ્યો છે તેમાં

૧ આ ક્ષમા યાચનામાં પંચેંદ્રિય મનુષ્યના વધનો સમાવેશ ન કરવાના કારણમાં જણાવે છે કે મનુષ્યનો પ્રાણ વિનાશ બહુ સંભવિત નથી અને દેવ અને નરક જીવોને મારી શકાતા નથી તેથી માત્ર પંચેંદ્રિય તિર્યંચનો જ અત્ર સમાવેશ કર્યો છે. આ ખુલાસો ઠીક છે, પણ અહીં તો ભવોભવની માફી માગવાની છે અને હિંસામાં માત્ર વધનો જ સમાવેશ કરવાનો નથી, પણ તેમની લાગણી દુઃખવવાનો પણ સમાવેશ થાય છે. હિંસામાં ભાવ અને દ્રવ્ય હિંસા સાથે ગણવાની હોય તેમનો પણ સમાવેશ કરવામાં આવ્યો હોત તો તેમાં કાંઈ વાંધા જેવું લાગતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિધવા વેશ્યા કુમારિકા વગેરે સર્વ પરદારાનો સમાવેશ થાય છે. લગ્નથી પરણેલ સિવાય સર્વ સ્ત્રીઓ પરદારા સમજવી. આવા સ્ત્રીસંયોગ ઉપરાંત તેની સાથે કામકથા કરવી, તેનાં અંગોપાંગ સાથે છૂટ લેવી, તેના સંબંધી અન્ય પાસે કથા કરવી એ સર્વનો સમાવેશ આ ચતુર્થ વ્રતમાં થાય છે. નવ વાડોનો ભંગ પણ અહીં જ આવે છે અને માનસિક સંભોગનો સમાવેશ પણ અહીં થાય છે. આ રાગદ્રષ્ટિના સર્વ પ્રકારના અત્યુદ્રેકો માટે ક્ષમાયાચના કરૂં છું.

અને પાંચમા પરિગ્રહ વિરમણ વ્રતને અંગે નવ પ્રકારના પરિગ્રહને ઓળખી તેની પર થયેલ મૂર્છા માટે ક્ષમા ચાહું છું. ધન (રોકડ), ધાન્ય (અનાજ), ક્ષેત્ર ( સ્થાવર મિલ્કત ), વાસ્તુ ( ઘર હાટ ), રૂપું, સોનું, કુપ્ય (અન્ય ધાતુઓ), દ્વિપદ (દાસ–દાસીઓ), ચતુષ્પદ (ગાય, ભેંસ, ઘેટાં બકરાં). આ નવ પ્રકારના પરિગ્રહને તેના પરની માલેકીપણાના ભાવ સાથે પોતાનાં માન્યાં હોય, તે પર રાગ કર્યો હોય, તે પર મૂર્છા કરી હોય, તેના વધારામાં પોતે વધ્યો હોય એમ માન્યું હોય એ પરિગ્રહ અંગેના સર્વ દોષો માટે ક્ષમા ચાહું છું, તેની નિંદા કરૂં છું, તેવા મારા વલણ માટે દિલગીરી બતાવું છું. ભવોભવમાં પરિગ્રહના ઢગલા મૂકી આવ્યો હોઉં, આરંભ–સમારંભનાં ઘંટી, યંત્રો કે આલયો મૂકી આવ્યો હોઉં, મારા નામે કે મારે કારણે મારી હયાતી બાદ પણ જીવ વધ કે પરપીડાનાં સાધનો હજુ ચાલું રહ્યાં હોય તે સર્વની સાથે હવે મારે કશો સંબંધ નથી, મારી તેના પર માલેકી નથી, મારે તેનો સંપર્ક નથી, તે સર્વ પરની મારી સત્તા વોસરાવું છું અને થયેલ થતા કે થવાના ઉદ્રેક માટે અંતઃકરણથી ક્ષમાયાચના કરૂં છું અને તેનો અને મારો સંબંધ ખતમ કરૂં છું.

અહીં સુધી મૂળ ગુણની હકીકત થઇ. ઉત્તર ગુણને અંગે મેં મારા જીવન વહનને અંગે નિયમો લીધા હોય અને તેને ભાંગ્યા હોય તે સર્વને માટે ક્ષમા ચાહું છું અને પસ્તાવો કરૂં છું. રાત્રિભોજનનો નિયમ લઈ અસૂરૂં ભોજન કર્યું, પરિગ્રહનો નિયમ લઈ પુત્ર, સ્ત્રીને નામે કર્યું, સામાયક લઇ ઊંઘમાં પડી ગયો, વગેરે ઉત્તર ગુણના દોષો સેવ્યા, નિયમ પચ્ચખ્ખાણ કરી તેને વિસારી મૂકયા, નિયમથી આગળ વધી ગયા, કામકથા, રાગકથા, ભોજન કથા કરવામાં વખત વીતાવ્યો, મહા આરંભ મહા પરિગ્રહમાં રાચી માચી તેનો ઉપદેશ આપ્યો, પોતે તેનો સંગ્રહ કર્યો, સામાજિક સેવાની છતી શક્તિ અને અનુકૂળતાએ પણ ઉપેક્ષા કરી, રાગદષ્ટિએ નાટક–સિનેમા જોયા, માણસોને અંદર અંદર લડાવ્યા, ખોટી સલાહ આપી, આળસ પ્રમાદમાં વખત કાઢ્યો, યતનાથી વર્તન ન કર્યું હોય વગેરે જે કાંઈ દોષ સેવન કરી પોતાના ગુણને હાનિ ઉપજાવી હોય તે સર્વને માટે ક્ષમા માગું છું, ખેદ દર્શાવું છું. શ્રાવકના વ્રત લઇ તેમાં શિથિલતા દાખવી હોય કે પ્રમાદ સેવી તેની વિરાધના કે ઉપેક્ષા કરી હોય તે સર્વ માટે ખમતખામણા કરૂં છું. આ રીતે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારને અંગે જે કાંઇ સ્ખલના, દોષ, વિકાર પ્રમાદ સેવન કે અત્યુદ્રેક જાણતાં અજાણતાં થયાં હોય, થઈ ગયાં હોય, અન્ય પાસે આદેશ ઉપદેશથી દોષ સેવન કરાવ્યાં હોય અથવા દોષો કરનારની અનુમોદના કરી હોય કે દોષોનો ખોટો બચાવ કર્યો હોય તે સર્વ માટે ખામણા કરૂં છું, ક્ષમા ચાહું છું, એની નિંદા કરૂં છું, એની ગર્હા કરૂં છું. અહીં આરાધનાને અંગે **અતિચાર આલોચન** નામનો પ્રથમ અધિકાર પૂર્ણ થાય છે.

**બીજો** અધિકાર **વ્રતોચ્ચાર**નો આવે છે. પોતાની શક્તિ વિચારી સાધુ ધર્મના પાંચ મહાવ્રતો ઉચ્ચારવાં અથવા શ્રાવકના બાર વ્રત લેવાં, લીધેલાં આ વ્રતને યાદ કરવા, કોઈ જાતના દોષ (અતિચાર) વગર એને પાળવાનો નિર્ણય રાખવો અને સંયમમય જેટલું જીવન છે તે જ ખરૂં ધન્ય છે, તેમાં જ તેની સફળતા રહેલી છે. આ વ્રતોચ્ચાર યાદ કરી જવા એમાં ભારે મોજ છે, માનસિક શાંતિ છે, જીવનનો લહાવો છે અને આંતરના ઓજસ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાસ કરીને મરણુ નિકટ સમયે આ વ્રત ઉચ્ચારણનો મહિમા બહુ ભારે છે. એમ માનસ વિદ્યાના અભ્યાસીઓ કહે છે. જ્યારે સર્વ ખસી જતું, ખરી પડતું, સરકી જતું, નાસી જતું લાગે ત્યારે આ વસ્તુ પોતાની હતી અને છે એમ લાગે છે. નવીન વ્રત લેવામાં પણુ એટલી જ મોજ આવે છે, જીવ હળવો થતો હોય એમ લાગે છે. આ બીજો અધિકાર ખૂબ સમજી અમલમાં મૂકવા યોગ્ય છે. નંદનમુનિએ પંચમહાવ્રતનું પુનઃ ઉચ્ચારણુ અનેકવાર કર્યું. વારંવાર બોલવાનો દોષ વ્રત અને ઔષધમાં લાગતો નથી એકની એક દવા અનેક દિવસ લેવાય તો તેમાં દોષ નથી. એ તો માનસિક અને શારીરિક લહાવો છે. નિયમ ન લીધાં હોય તો અંત્ય આરાધના પ્રસંગે નિયમ લઇ પણ શકાય છે, રાખેલ છૂટછાટમાં ઘટાડો કરી શકાય છે અને ઉપસ્થિત પરિસ્થિતિનો લાભ લેવામાં આવે તો બંધનમુક્ત થતા જવાય છે. અંતે વહેલું મોડું છૂટી જવાનું છે માટે બળતું ઘર કૃષ્ણાર્પણુ કરવાની વાત આમાં વિચારવાની નથી, ત્યાગભાવનો મહિમા ઘણો મોટો છે અને અંતસમયે ત્યાગ કરવામાં આવે તો તે પણુ સ્વીકાર્ય છે. જ્ઞાનનું ફળ વિરતિ છે અને તે સર્વ અવસ્થામાં લાભદાયી જ છે, એથી ચિત્ત પ્રસન્ન થાય છે, વિકાસ વધતો જાય છે અને આગામી ભવોમાં અધુરા યોગો પૂરા કરવાનું ભાથું બંધાય છે.

**ત્રીજા** અધિકારમાં **ખમતખામણા** આવે છે. ચારિત્રાચારમાં એની વાનકી અહિંસાવ્રતને અંગે આવી ગઇ, અહીં તો સર્વ જીવો પ્રત્યે સામાન્ય રીતે ખમતખામણાં કરવાનાં છે. મારો કોઇ શત્રુ નથી, મારો કોઇ વિરોધી નથી, મારો કોઈ દુશ્મન નથી, સર્વ મારા મિત્ર છે. મેં પરભવમાં કે આ ભવમાં કોઈ સાથે વિરોધ કર્યો હોય, કોઇનાં દિલને દુભાવ્યું હોય, કોઈની ઉશ્કેરણી કરી હોય, કે કોઈ સાથે ઉઘાડો વિરોધ કે તકરાર કરેલ હોય તે સર્વ સાથે ક્ષમા ચાહું છું, તેઓ મને માફ કરે. આમાં સંઘ, સ્વામીભાઈ, સગાંસંબંધી, ગ્રામવાસી, પરદેશી અને આમજનતાનો સમુચ્ચયે સમાવેશ કરવાનો છે. પરભવમાં આગળ પાછળ કોઇ વિરોધ થઇ ગયો હોય, તેની પણુ મનથી માફી માગવી. સમુચ્ચય ક્ષમાયાચના ઉપરાંત સ્વજન–કુટુંબી સાથે અંતરથી ક્ષમા માગવી અને ક્ષમા આપવી. નાના–મોટાના ભેદ વગર દરેકને બોલાવી પ્રેમથી આદરથી વિવેકપૂર્વક ખમતખામણા કરવાં અને ઉઘાડો વેરવિરોધ થયો હોય તેની પાસે ઝૂકી ઝૂકીને ખામણાં કરવાં અને પોતાની નમ્રતા બતાવવી. ધર્મનો સાર ઉપશમ છે, જીવનનો સાર નમ્રતા છે, અને ખમતખામણાની આવી ભાવના આદર્શ છે, વિકાસમાં ખૂબ મજા આપનાર છે અને જીવનને ધન્ય કરનાર છે. કોઈ પર અંતરથી જરા પણ રોષ ન રાખવો, કોઈ પોતાનું બગાડનાર છે કે બગાડી શકે છે એ વાત મનમાંથી પણ કાઢી નાખવી. અને કોઇ પોતાની નાલેશી કરનાર છે કે પોતાને હલકો પાડી શકે છે. એ વાત પણુ મનમાંથી દૂર કરવી. આરાધનાનો આ ત્રીજો અધિકાર અમલમાં મૂકતાં જરા પણુ નબળા ન પડવું, બાપડા બિચારા ન થઇ જવું, અંતરથી જોર કરવું અને બળવાન હોય તે જ ક્ષમા આપી કે માગી શકે છે એ વાત પર લક્ષ્ય રાખવું. આ રીતે ત્રીજા અધિકારના આસેવનમાં રસ લેવો.

આરાધનાના **ચોથા** અધિકારમાં **પાપસ્થાનકનો** ત્યાગ આવે છે. પાપ બાંધવાનાં અઢાર સ્થાનકો–પ્રસંગો બતાવાયાં છે. પ્રાણાતિપાત (જીવહિંસા), મૃષાવાદ (જૂઠું ભાષણ), ચોરી (અદત્તાદાન), મૈથુન (અબ્રહ્મસેવન), વસ્તુ પર મૂર્છા (ધન માલ વાડી બગિચા પર માલેકીપણાની પ્રીતિ), ક્રોધ (કોપ), માન (અહંકાર), માયા (પરવંચન), લોભ (ઇચ્છાની અભિવૃદ્ધિ), રાગ (આકર્ષણ), દ્વેષ (અપ્રીતિ), કલહ (ક્લેશ), અભ્યાખ્યાન (અન્યને કલંક આપવું તે), પૈશૂન્ય (ચાડી ચૂગલી), રતિ અરતિ (ઇષ્ટ વસ્તુમાં પ્રીતિ અને અનિષ્ટ વસ્તુમાં અપ્રીતિ), પરપરિવાદ (અવર્ણવાદ નિંદા), માયા મૃષા (કપટ સાથે અસત્ય બોલવું) અને મિથ્યાત્વશલ્ય (અવસ્તુમાં વસ્તુનો આરોપ). આ અઢાર પાપનાં સ્થાનકો છે. એવાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન્યાયોપાર્જિત ધન એટલે શું ?

લેખક–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

શ્રાવકના ગુણોમાં ન્યાયસંપન્નવિભવનું મહત્વ ઘણું મોટું ગણાય છે. શ્રાવક ભલે પોતાના નિર્વાહ માટે અને કુટુંબના પોષણ માટે ધન કમાવે પણ એ કમાતી વેળા પોતાના હાથે કોઇને અન્યાય નહીં થઇ જાય તેની સાવચેતી રાખવી જ જોઇએ. ચોર લુટારાઓ પણ ધન કમાય છે વેશ્યાઓ પણ ધનવાન થઈ શકે છે. પણ ધન મેળવવાનો એમનો માર્ગ કાંઇ ન્યાયનો હોતો નથી. તેમ જ ગ્રાહકની સરળતાનો અને અનવધાનતાનો લાભ ઉઠાવી કોઇ વ્યાપારી છેતરપિંડી કરે એને પણ અન્યાયની કોટીમાં ગણવું જોઇએ. કોઇ કપટથી ખોટા તોલમાપ વાપરી ગ્રાહકને ઠગે અને માલમાં ભેળસેળ કરી ભારેના બદલે હલકો માલ ગ્રાહકના કોટે વળગાડી દે એ કાંઇ ન્યાય ગણાય નહીં. સટ્ટાના સોદા કરી માલના દર્શન પણ નહીં કરતાં હજારો કમાવે અને ગુમાવે એને કોઈ ન્યાયોપાર્જિત ધન ગણતું હોય તો ભલે. પણ શાસ્ત્રકારો એને ન્યાયસંપન્નવિભવમાં શી રીતે ગણે? કારણ એમાં બન્ને પક્ષ સરખાજ લોભી અને વગર મહેનતે ધનવાન થવાની ઇચ્છા રાખનારા હોય છે. એમાં ન્યાયી અને અન્યાયી શી રીતે તારવી કાઢવા? નોકરી કરી પોતાના નજીવા લાભ માટે માલેકને ખાડામાં ઉતારનાર મુનીમ કેવો ગણાય? કોઇએ અનામત મૂકેલી વસ્તુ તેના માલેકને નહીં આપતાં ખોટું બોલી પોતે જ ખાઈ જાય અને ખોટો દેખાવ કરે એ માણસ પ્રામાણિક શી રીતે ગણાય? સરકારી ટેક્સ ચુકવવા માટે ખોટા દસ્તાવેજો ઉભા કરે, ખોટા જમા ખર્ચ રાખે એ માણસ ન્યાયોપાર્જિત ધન કમાનારો છે એમ કોણ માને? સરકારી નોકરીમાં રહી ન્યાયાધીશનું કામ કરે અગર બીજા કોઈ અધિકારને ધારણ કરી લાંચરૂશવત ભેગી કરી ધનવાન બને એને ન્યાયસંપન્નવિભવધારી છે એમ માનીએ તો આપણા જેવા બીજા કોઇ મૂર્ખ નહી ગણાય. કહેવાનો મતલબ એવો છે કે, ધન ભેગુ કરનારા બધા જ ન્યાયોપાર્જિત ધન ભેગુ કરનારા હોય છે એમ કોઇ પણ માની શકશે નહીં. ફક્ત વધારે ધન ભેગુ કરે અને એમાં ન્યાયાન્યાયનો વિચાર સરખો પણ ન કરે એવા ધનવાનને શ્રાવક શબ્દના સાચા અર્થમાં શ્રાવક ગણવો એ જૈનશાસ્ત્રની દૃષ્ટિથી અન્યાયજ ગણાય. ત્યારે પ્રશ્ન એવો થાય છે કે, એવી રીતે ભેગુ કરેલુ ધન ધર્મકાર્યમાં વપરાય કે કેમ? મંદિર મૂર્તિ અને સાધુ–સાધ્વીની સેવાના કાર્યમાં એ ધનનો ઉપયોગ કરવો એ શાસ્ત્રોચિત કાર્ય ગણાય ખરૂ? કોઈ એવી દલીલ આગળ ધરે કે, આપણે એ જાણતા હોઇએ નહીં ત્યારે એવું દ્રવ્ય ધર્મકાર્યમાં વપરાય તેનો દોષ આપણા માથે કેમ આવે? એ તો જે કરે તે ભરે! આપણો હેતુ તો સારો જ હોય ત્યારે આપણા માટે દોષ હોય જ ક્યાંથી! એના જવાબમાં અમો ચોખ્ખેચોખ્ખુ કહેવા



પાપો આ જન્મમાં કે જન્માંતરમાં સેવ્યાં હોય, સેવાઇ ગયાં હોય, તેને માટે અંતઃકરણથી ક્ષમા માગવી, પાપોને વોસરાવવાં, કારણ કે એ પાપસ્થાનો જ્ઞાનના સંસર્ગ કે આસેવનને અંતરાય કરનારાં છે, મોક્ષની પ્રાપ્તિને વિઘ્ન કરનારાં છે અને સંસારમાં રખડપટ્ટાના કારણભૂત છે. આ પાપસ્થાનકોનો ત્યાગ, થઈ ગયેલાને માટે ખેદ અને ત્રિવિધ ત્રિવિધ ક્ષમા યાચના એ મોક્ષગતિની આરાધના માટે, તેની પ્રાપ્તિ કરવાના નિર્ણયને અનુરૂપ વર્તન માટે અને સાધ્ય તરફ પુખ્ત પ્રયાણ માટે ખૂબ જરૂરી છે. આમાં અને પહેલા અતિચારમાં ચારિત્રાચારને અંગે કરવાની વ્રતની આલોચનામાં બહુ ફેર છે. અહીં ક્ષમા યાચના કરતાં પણ ભવિષ્યમાં એ દોષો ન કરવાના નિર્ણયને મુખ્યતા આપવાની છે. આ રીતે અન્ય આરાધનાનો આ ચોથો તબક્કો થયો.

( ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માગીએ છીએ કે, આપણે પ્રત્યક્ષ જાણતા હોઇએ કે, એ ધન અન્યાયના માર્ગે જ આવેલું છે, એમાં શંકાને સ્થાન ન હોય ત્યારે તો આપણા માટે એ અન્યાય અને અધર્મ્ય કાર્ય ખરૂં ને! એ પાપના આપણે પણ ભાગિયા ખરા ને! આ વિષય પરત્વે અમોને બે-ત્રણ દાખલાઓ પ્રત્યક્ષ જોવામાં આવેલા છે, તેનો ઉલ્લેખ અહીંઆ કરવાથી અમારા કહેવાનો મુદ્દો સ્પષ્ટ થઇ શકશે. એ દાખલાઓ ઉપરથી આપણે ધર્મભાવનાને કેવું રૂપ આપી શકીએ છીએ અને ગમે તેવા પાપકર્મોથી દેવદ્રવ્યની તીજોરી તર કરીએ છીએ એનો ખુલાસો સ્વયમેવ તરી આવશે.

એક ગામમાં એક ડોશીમા રહેતા હતા. એમનું એક ઘર હતું. ડોશીમા માંદા પડ્યા. શ્રાવકોને તેની ખબર પડી ગઈ. ડોશીમાના વારસો બીજે ગામ રહેતા હતા. ડોશીમાનું ઘર આપણે દેરાસર ખાતામાં મેળવી લઇએ તો સારૂ. એમ વિચાર ચાલ્યો. એમાં ઉતાવળની જરૂર જણાઈ. ડોશીમાના વારસો આવી લાગે તો માલ હાથમાંથી જાય એવો પ્રસંગ હતો. એવામાં તો ડોશીમાના પ્રાણ નીકળી ગયાના સમાચાર ફરી વળ્યા. દોડાદોડ શરૂ થઈ. ડોશીમાના નામથી દેરાસર માટે ઘરતું બક્ષીસપત્ર ઉતાવળથી લખાઇ ગયુ. મડદાનો અંગુઠો દસ્તાવેજ ઉપર લેવાઈ ગયો. રજીસ્ટર સાહેબ આવ્યા અને મરેલી ડોશીમાના પ્રશ્નોત્તરો લખાઈ ગયા. અને દસ્તાવેજ નોંધાઈ પાકો થઇ ગયો! બધા ધર્મી શ્રાવકો દેવદ્રવ્યમાં વધારો કરી મહાપુણ્ય ભેગુ કરી વિખેરાઇ ગયા. રાત વીત્યા પછી ડોશીમાના શરીરને ઠેકાણે પાડવામાં આવ્યું. ડોશીમાનું બીજુ થોડુઘણું જે હતું તે દેરાસરની તીજોરી ખાતે ડોશીમાના સ્વસંતોષથી જમે થઇ ગયુ. આ દેવદ્રવ્યનું પુણ્ય કેવું અને ન્યાયસંપન્નતા કેવી રીતે એનો કોઇ ખુલાસો કરે તો સારૂ! અને આ બધી ખટપટથી પુણ્ય બાંધનારા માટે કયુ દેવલોક મળે એ પોથીમાંથી શોધ કરી કોઇ કાઢી આપે તો પેલા લોકોની પુણ્ય પ્રકૃતિની લોકોને ખબર પડે!

બીજો દાખલો પણ આ મુદ્દાને અનુસરી બોધપ્રદ થઈ પડે એવો હોવાથી અમો અત્રે રજુ કરીએ છીએ.

રામકુંવર ડોશી ઘણા લોકો સમેતશિખરની જાત્રા કરવા નીકળેલા તેમની સાથે જવા નકળેલા. બધા લોકો ભલા અને ધર્મ કરવા નીકળેલા જાણી ડોશી તો નિશ્ચિત હતા. એ બધાઓમાં કોઈ ચોર અગર અસત્ય બોલનારા અને ખોટુ કામ કરનારા કોઇ હશે એની રામકુંવર ડોશીને શી ખબર! એક સ્થળે ડોશી દાતણ કરવા ધર્મશાળાના ઓટલા ઉપર બેઠા. હાથમાંથી મોહોરવાળી સોનાની વીંટી કાઢી બાજુમાં મૂકી. દાતણ કરી ડોશી ત્યાંથી અંદરના ભાગમાં ગયા. વીંટી લેવાનું ભુલી ગયા. બે ધર્મી જાત્રાળુઓની નજરે વીંટી પડી. તેમણે તે તરત જ ઉપાડી લીધી. અને છુપાવી દીધી. ડોશીને યાદ આવતા વીંટીની તેમણે ખૂબ તપાસ કરી પણ જ્યાં સાહુકાર ગણાતા ચોરના ગજવામાં તેને સ્થાન મળ્યું હોય તે વીંટી જડે જ કેમ! ડોશી તો વીંટીની પાછળ થોડા આંસુ ઢાળી સ્વસ્થ થઇ ગયા. પેલી વીંટી ઉપાડનારાઓને તો ખૂબ મજા પડેલી હતી. એઓ ડોશીને વારેઘડી દિલાસો આપવાનું સ્વાંગ સજી આવતા. અને અનેક ઉપદેશની વાતો સંભળાવી જતા. જાત્રા પતાવી બધા ઘેર ભેગા થયા. બે ડાહ્યા દિકરાઓએ વીંટી તફડાવેલી તેથી તેમને તે પચે તેમ હતી નહીં. ખૂબ વિચાર મંથનમાંથી તોડ નીકળ્યો કે, મંદિરમાં શામ મૂર્તિ છે એની ચક્ષુઓની ઉપર ભીંવઇની જગ્યાએ જો આ વીંટીની ભીંવઇઓ બનાવવામાં આવશે તો સારી શોભા આવશે. અને આપણે ધર્મ કર્યો ગણાશે. સાથે સાથે આપણેને પુણ્ય તો મળશે જ. અને ડોશીમાને પણ તેનાં પુણ્યનો થોડો ભાગ મળે તેમ છે. આ પુણ્યશાળીઓએ એમ જ કર્યું. લાગ જોઈ ડોશી દર્શન કરવા આવેલા એવામાં એક પુણ્યાત્માએ ડોશીને કહ્યું, માજી જુઓ! તમારી વીંટી ખોવાએલી તેની બનેલી ભીંવઇઓ કેવી સુંદર જણાય છે! ડોશી એ સાંભળી આશ્ચર્યચકિત થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા. ને નીચું મ્હોં કરી ત્યાંથી નીકળી ઘર ભેગા થઈ ગયા.

અમારો પ્રશ્ન છે કે, આ પુણ્ય ક્યાંનું ? આ ન્યાયસંપન્નવિભવ જ ગણાય ને ? કોઈ શાસ્ત્રવિહિત ખુલાસો કરે તો ઘ એોની આંખો ઉઘડી જાય ! ઘણાએ એવા નરરત્નો છે કે જે ગમે ત્યાંથી અને ગમે તેવા માર્ગે પૈસા ભેગા કરી લાખમાંથી બે પાંચ હજારોનો ભપકો કરી જરા સારી જાહેરાત કરે અને કોઈ મહારાજસાહેબને ખુશ કરે એટલે અનાયાસે ધર્મશિરોમણી ગણાઈ જાય. જાણે હાલમાં ધર્મ પણ કરીઆણાની પેઠે બજારમાંથી ખરીદી શકાય છે ? ફક્ત જરા તેવી યુક્તિની આવડત જોઈએ બસ ! ધન કમાવવામાં ઉચિત અનુચિત માર્ગોનો વિચાર કરવાની જરૂર જ ક્યાં છે ? સાધનોની શુચિતાનો વિચાર કરનારા લોકો તો ભોળા અને જુના વિચારના માયકાંગલા નાદાન લોકો જ હોય ! ધર્મના કામમાં અમુક જાતનું દ્રવ્ય વપરાય એવું કોણ ગણે ? ફક્ત મૂર્ખાઓ હોય તે ! ડાહ્યા અને ભપકાધર્મના ઉપાસકને એનો વિચાર કરવાને ફુરસદ જ ક્યાં છે ?

ધર્મકાર્ય માટે, દેવદ્રવ્ય માટે, માર્ગની શુચિતા અને ન્યાયસંપન્નતાની શોધ કરવાનું હોય નહીં ! હડહડતું ચોરી કરી મેળવેલું ધન છે એવું પ્રત્યક્ષ આપણે જાણતા હોઈએ છતાં ત્યાં આંખઆડા કાન કરી હાંકે જવું એમ જ ને ! કારણ એમાં તો નામના, મોટાઈ અને ધર્મી ગણાવાનું વિલોભન હોય ને !

દેવદ્રવ્ય ભેગું કરવાનું હોય ત્યારે ત્યાં વેપારી નીતિનું જ અવલંબન કરવાનું હોય. દ્રવ્ય કોણ આપે છે એ ન્યાયનું છે કે કેમ એનો વિચાર કરાય જ નહીં. વેપારી જેમ સરળ વ્યાજને બદલે ચક્રવૃદ્ધિ વ્યાજ ગણવાની વૃત્તિ રાખે, ત્યાં પછી સામા ધણીનું શું થાય છે, તે ભૂખે તો નહીં મરે ને ! તેની આજીવિકા તો ખોરવાઈ નહીં પડે ને ! એવી ઝીણી વાતોનો વિચાર કરવાની તેને ફુરસદને જરૂર પણ શા માટે હોય ! એને તો પૈસા ભેગા કરવાની જ એકલી દાનત હોય, ત્યાં એ વિચાર અને વૃત્તિ દેવદ્રવ્ય ભેગું કરવાનું હોય ત્યાં શા માટે કરવાની હોય !

ન્યાય હોય કે અન્યાય હોય, સાચું હોય કે જૂઠું હોય, દ્રવ્ય ગમે ત્યાંથી આવતું હોય વેપારી તો એનો સંગ્રહ કરવાનું જ માને. એ જ રીતે દેવદ્રવ્યની હોય ત્યાં પરોપદેશે પાંડિત્ય કરવાની જરૂર શા માટે બતાવવી જોઈએ ? ધર્મ તો ધામધુમ, દોડાદોડ, ભપકો, સોનુ અને ચાંદીમાં સમાઈ જાય ત્યાં પછી શુચિતાને કોણ પૂછે ?

ન્યાયસંપન્નવિભવની વાતો તો વખાણ વાચતી વેળા ભક્તને સંભળાવવા પુરતી જ હોય. પ્રત્યક્ષ શું થાય છે અને આપણો પણ એમાં ભાગ કેટલો એનો વિચાર કરવા બેસીએ ત્યારે ભગતોનો સમૂહ ઘટે કે વધે ! પોતાના નામ ઉપર ચઢનારા ઓચ્છવ મહોત્સવો, વ્રતો અને તપશ્ચર્યાઓ, વરઘોડા અને ભપકાઓ ઓછા થઈ પોતે અળખામણા થઈ જઈએ તેનું શું ! એ તો પોથીમાંના રીંગણા જેવી વાત છે. મોઢેથી ન્યાયસંપન્નતાનો પોકાર કરતા રહીએ અને અંદરખાને અન્યાયોપાર્જન કરી ધન ભેગું કરનારાને ધર્મધુરંધરની પદવી આપતા રહીએ એમાં જ ધર્મની પરિસીમા ગણાવા માંડી છે. હિંદીમાં કહેવત છે કે, 'અંધે ચૂહે ઓર થોથે ધાન જૈસે ગુરૂ વૈસે યજમાન' એવી સ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે દોષ કોને અપાય !

ઘણાએ અત્યંત જરૂરી ધર્મકાર્યો પૈસાના અભાવે રખડી પડ્યા છે અને વિદ્યુત્ચમત્કૃતિ અને હોહાનો જય જયકાર પોકરાય છે ત્યાં નગારાના અવાજ આગળ આ પીપુડી શી રીતે સંભળાય !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આગમો વગેરેમાં સ્વપ્નો

લે. પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ.

**પર્યાયો**–'સ્વપ્ન' એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. એને માટેનો પાઇય (પ્રાકૃત) શબ્દ 'સુવિણ' છે. અને જૈન આગમો પાઇયમાં હોવાથી એ શબ્દ એમાં વપરાયો છે. બાકી 'સિવિણ' અને 'સુમિણ' એમ પણ 'સ્વપ્ન' શબ્દનાં બે પાઇય સમીકરણો છે. 'સ્વપ્ન' શબ્દ ગુજરાતીમાં વપરાય છે. સાથે સાથે નિમ્નલિખિત શબ્દો પણ ગુજરાતી સાહિત્યમાં નજરે પડે છે:—

શમણું, [1]શાણું, સમણું, સોણલું, સોણું અને સ્વપ્નું. અંગ્રેજીમાં સ્વપ્ન માટે dream શબ્દ છે.

**સ્વપ્ન અંગેના અનુપલબ્ધ ગ્રન્થો**–સ્વપ્નનો સંબંધ મનુષ્ય સાથે હોઇ એ એના જીવન જેટલો પ્રાચીન ગણાય. બાકી એને અંગેનું શાસ્ત્ર તો આગળ ઉપર રચાય એ જુદી વાત છે. **સમવાય** (સમ. ૨૯)માં જે ૨૯ પ્રકારનાં 'પાપશ્રુત' ગણાવાયાં છે તેમાં સ્વપ્નનો ઉલ્લેખ છે. એ હિસાબે આજથી ૨૫૦૦ વર્ષ ઉપર તો સ્વપ્નનું ફળ દર્શાવનારો ગ્રન્થ હોવાનું કહી શકાય. અનુપલબ્ધ આગમો પૈકી **દોગિદ્ધિદસા** (દ્વિગૃદ્ધિદશા)નાં દસ અધ્યયનો (પા. અજ્ઝયણ)માંનાં ત્રણમાં ૪૨ સ્વપ્ન, ૩૦ મહાસ્વપ્ન અને ૭૨ સર્વસ્વપ્ન. એમ સંસ્કૃત નામો છે.

**મહાસુમિણભાવણા** (મહાસ્વપ્નભાવના) પણ એક અનુપલબ્ધ આગમ છે. એમાં મહાસ્વપ્નોનો અધિકાર હશે. એની સંખ્યા ૩૦ની હશે કે ૪૨ની એ પ્રશ્ન છે, કેમકે **પજ્જોસવણાકપ્પ**(સુત્ત ૭૩)માં ૭૨ સ્વપ્નો પૈકી ૩૦ ને 'મહાસ્વપ્ન' કહ્યા છે જ્યારે **વવહાર**(ઉ. ૧૦)ના ભાસ (ગા. ૧૧૪, પત્ર ૧૦૯ આ.)માં ૭૨ માંથી ૪૨ ને મહાસ્વપ્ન કહ્યા છે. બાકી **વિ. પ.** (સ. ૧૬, ઉ. ૬, સુત્ત ૫૭૮)માં તો મહાસ્વપ્નોની સંખ્યા ૩૦ની દર્શાવાઇ છે.

**સંખ્યા**–સ્વપ્નોની એકંદર સંખ્યા જૈન દૃષ્ટિ અનુસાર ૭૨ની છે એમ નિમ્નલિખિત આગમોનો વિચાર કરતાં જણાય છે:—

**દોગિદ્ધિદસા** (અ. ૭) **વિવાહપણ્ણત્તિ** (સ. ૧૬, ઉ. ૬, સુત્ત ૫૭૮) અને **પજ્જોસવણાકપ્પ** (સુત્ત ૭૩).

**બે વર્ગ**—ઉપર્યુક્ત ૭૨ સ્વપ્નોને બે વર્ગમાં વિભક્ત કરાય છે: ૩૦ મહા સ્વપ્નો અને ૪૨ (લઘુ) સ્વપ્નો. આમ કહેવા માટે નિમ્નલિખિત આગમોનો ઉલ્લેખ થઈ શકે:—

દોગિદ્ધિદસા (અ. ૫–૬), **વિવાહપણ્ણત્તિ** (સ. ૧૬, ઉ. ૬, સુત્ત ૫૭૮) અને પજ્જોસવણાકપ્પ (સુત્ત ૭૩).

**સ્વપ્નનાં નામો**—ઉપલબ્ધ આગમો પૈકી એકમાં ૭૨ સ્વપ્નોનો તો શું પણ ત્રીસે ત્રીસ મહા સ્વપ્નોનાં પણ નામ નથી. ત્રીસ મહા સ્વપ્નોમાંથી ફક્ત ચૌદનાં નામ કે જે આ લેખમાં હું આગળ રજૂ કરનાર છું તે જ મળે છે. એને લગતી ગાથા નીચે મુજબ કોઈ કોઈ આગમમાં જોવાય છે:—

"गय–वसह–सीह–अभिसेय-दाम-ससि-दिणयरं-झयं-कुम्भं ।
पउमसरं–सागर–विमाणभवण–रयणुच्चय–सिहिं च ॥"

**આઠ દર્શન**—ઠાણ (સુત્ત ૬૧૮)માં આ આગમ (સુત્ત ૫૬૫)માં ગણાવાયેલાં નિમ્નલિખિત સાત દર્શનો ઉપરાંત આઠમા દર્શન તરીકે 'સ્વપ્ન–દર્શન'નો ઉલ્લેખ છે:—

(૧) સમ્યગ્–દર્શન, (૨) મિથ્યા–દર્શન, (૩) સમ્યગ્–મિથ્યા–દર્શન, (૪) ચક્ષુર્દર્શન, (૫) [2]અચક્ષુર્દર્શન, (૬) અવધિ–દર્શન અને (૭) કેવળદર્શન.

**સ્વપ્ન–દર્શનના પાંચ પ્રકારો**—**વિવાહપણ્ણત્તિ**(સ. ૧૬, ઉ. ૬, સુત્ત ૫૭૭)માં સ્વપ્ન-

૧ જુઓ **ગુજરાતી ભાષા અને સાહિત્ય**, (પૃ. ૪૩૭)

૨ સ્વપ્ન-દર્શન એ અચક્ષુર્દર્શનનો એક પ્રકાર ગણાય, કારણ કે એમાં માનસિક પ્રવૃત્તિ મુખ્ય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શનના એટલે કે સૂતો-જાગતો પ્રાણી કેવું કેવું સ્વપ્ન જુએ તેના નીચે મુજબ પાંચ પ્રકારો દર્શાવાયા છેઃ—

(૧) [1]યથાતથ્ય-સ્વપ્નદર્શન, (૨) પ્રતાન-સ્વપ્નદર્શન, (૩) ચિન્તા-સ્વપ્નદર્શન, (૪) તદ્વિપરીત-સ્વપ્નદર્શન અને (૫) અવ્યક્ત-સ્વપ્નદર્શન. આની વૃત્તિ ( પત્ર ૭૧૦આ-૭૧૧અ )માં અભયદેવસૂરિએ નીચે મુજબ સ્પષ્ટીકરણ કર્યું છેઃ —

યથાતથ્ય-સ્વપ્નદર્શન એટલે સત્ય અથવા તાત્ત્વિક સ્વપ્નદર્શન. એના બે ઉપપ્રકારો છે : (૧) દૃષ્ટાર્થાવિસંવાદી અને (૨) ફલાર્થાવિસંવાદી સ્વપ્નમાં જોયા પ્રમાણે જાગૃત દશામાં બનાવ બને તે પ્રથમ ઉપપ્રકાર છે, જ્યારે સ્વપ્ન મુજબ સંપત્તિ વગેરે રૂપ ફળ મળે તે દ્વિતીય ઉપપ્રકાર છે.

પ્રતાન સ્વપ્નદર્શન એટલે વિસ્તારવાળું સ્વપ્નદર્શન, કેમકે 'પ્રતાન' એટલે વિસ્તાર. આ સ્વપ્નદર્શન યથાતથ્ય હોય કે એનાથી વિપરીત પણ હોય. આમ એના પણ બે ઉપપ્રકારો ગણાય.

ચિન્તા-સ્વપ્નદર્શન એટલે જાગૃત અવસ્થામાં જે અર્થનું ચિન્તન કરાયું હોય તે અર્થને સ્વપ્નમાં જોવું તે.

તદ્વિપરીત-સ્વપ્નદર્શન—આ સ્વપ્નદર્શન ચિન્તા-સ્વપ્નદર્શનથી વિપરીત-વિરુદ્ધ છે. એટલે કે જેવી વસ્તુ સ્વપ્નમાં જોઈ હોય તેથી વિરુદ્ધ વસ્તુની પ્રાપ્તિ જાગૃત દશામાં થાય.

અવ્યક્ત-સ્વપ્નદર્શન. એટલે સ્વપ્નાવસ્થામાં અર્થનો અસ્પષ્ટ અનુભવ કરાય તે.

**વિયાહપણ્ણત્તિ** (સ. ૧૬, ઉ. ૬, સુત્ત ૫૭૮)માં એવો ઉલ્લેખ છે કે સંવૃત યાને સંયમી જીવ સત્ય સ્વપ્ન જુએ જ્યારે અસંવૃત જીવ સત્ય સ્વપ્ન જુએ તેમ જ અસત્ય સ્વપ્ન પણ જુએ. સંવૃતાસંવૃત જીવ અસંવૃત જેવું જુએ.

૧ આને બદલે 'યથાતત્ત્વ સ્વપ્નદર્શન' એમ પણ અભયદેવસૂરિએ કહ્યું છે

**કોણ ક્યારે સિદ્ધ થાય?**— **વિયાહપણ્ણત્તિ** ( સ. ૧૬, ઉ. ૬, સુત્ત ૫૮૦ )માં આ બાબતોને અંગે નીચે મુજબ ૩૮ પ્રસંગ આલેખાયા છેઃ—

( ૧-૩ ) સ્વપ્નને અંતે અર્થાત્ સ્વપ્ન જોઈને તરત જાગતાં જે પુરુષ કે સ્ત્રી ઘોડાની, હાથીની કે બળદોની હારને જુએ અને એના ઉપર ચડે અથવા પોતાને ચડેલો માને તે તેજ ભવમાં સિદ્ધ થાય-મોક્ષે જાય.

આવા અન્ય પ્રસંગો અહીં નીચે પ્રમાણે દર્શાવાયા છેઃ—

( ૪ ) સમુદ્રની બંને બાજુએ અડકેલું અને પૂર્વ તથા પશ્ચિમ તરફ લાંબું મોટું [1]દામણુ જુએ અને એને વીંટાળે.

( ૫ ) લોકાન્તને બંને બાજુએ અડકેલું તેમજ પૂર્વ અને પશ્ચિમ લાંબું મોટું રજ્જુ યાને દોરડું જુએ અને તેને કાપી નાંખે.

( ૬ ) કાળા વર્ણથી માંડીને તે ધોળા પર્યંતના વર્ણ પૈકી ગમે તે વર્ણનું સૂતર જુએ અને એને ઉકેલે.

( ૭-૧૦ ) લોઢાનો, તાંબાનો, ત્રપુનો કે સીસાનો ઢગલો જુએ અને તેના ઉપર ચડે.[2]

( ૧૧-૧૪ ) રૂપાના, સોનાના, રત્નના કે વજ્રના ઢગલાને જુએ એના ઉપર ચડે.

(૧૫-૨૨) ઘાસના, લાકડાના, પાંદડાંના, છાલના, ફોતરાંના, ભૂસાંના, છાણના કે કચરાના ઢગલાને જુએ અને એને વિખેરે.

( ૨૩-૨૬ ) શરના, વીરણના, વંશીમૂલના કે વલ્લિમૂલના સ્તંભને જુએ અને એને ઉખેડે.

( ૨૭-૩૦ ) ક્ષીરના, દહીંના, ઘીના કે મધુના કુંભને જુએ અને એને ઉપાડે.

( ૩૧-૩૪ ) સુરાના, સૌવીરના, તેલના કે વસાના એટલે કે ચરબીના મોટા કુંભને જુએ એને ભેદે.

૧ મૂળમાં 'દામિણી' શબ્દ છે.

૨ આ સંબંધમાં તેમ જ ૩૧-૩૪ ને અંગે પણ બે ભવનો પણ ઉલ્લેખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩૫ ) કુસુમિત અને મોટા એવા 'પદ્મ' સરોવરને જુએ અને એમાં પ્રવેશે.

( ૩૬ ) મોટા [1]સમુદ્રને જુએ અને એ તરી જાય.

( ૩૭ ) સર્વ રત્નોવાળું ભવન જુએ અને એનાં દાખલ થાય.

( ૩૮ ) સર્વ રત્નવાળું મોટું વિમાન જુએ અને એના ઉપર ચડે.

આમ આ આગમમાં આડત્રીસ પ્રસંગો ગણાવાયા છે.

**સ્વપ્ન કોને આવે ?**–વિયાહપણ્ણત્તિ( સ. ૧૬, ઉ. ૬, સુત્ત ૫૭૭ )માં કહ્યું છે કે સૂતેલા કે જાગતા ( સંસારી ) પ્રાણી સ્વપ્ન જુએ નહિ–એને સ્વપ્ન આવે નહિ, પરંતુ જે પ્રાણી સૂતો–જાગતો હોય તે સ્વપ્ન જુએ.

અહીં 'સૂતેલા'ના બે અર્થ દર્શાવાયા છે : (૧) દ્રવ્યથી સૂતેલો અને ( ૨ ) ભાવથી સૂતેલો. નિદ્રાધીન જીવ 'દ્રવ્યથી સૂતેલો' કહેવાય જ્યારે વિરતિ વિનાનો જીવ 'ભાવથી સૂતેલો' ગણાય. નૈરયિકો, વાનવ્યંતરો, જ્યોતિષ્કો અને વૈમાનિકો ભાવથી સૂતેલા કહેવાય. આ ઉપરાંત એકેન્દ્રિયોથી માંડીને ચતુરિન્દ્રિયો પણ એવા જ ગણાય. પંચેન્દ્રિય તિર્યંચો ભાવથી સૂતેલા છે અને સૂતેલા–જાગતા છે, પરંતુ સર્વાંશે જાગતા નથી. મનુષ્યો સૂતેલા છે, જાગૃત પણ છે, તેમ જ સૂતેલા–જાગતા પણ છે.

**વિયાહપણ્ણત્તિ** (સ. ૧૧, ઉ. ૧૧, સુત્ત )માં સુદર્શન શેઠના વૃત્તાંત આપતી વેળા તેમ જ સ. ૧૬, ઉ. ૬. સુત્ત ૫૭૮ માં કહ્યું છે કે તીર્થંકરની માતા તીર્થંકર ગર્ભમાં આવે ત્યારે તેમ જ ચક્રવર્તીની માતા ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે ચક્રવર્તીની માતા પણ નિમ્નલિખિત ચૌદ ચૌદ સ્વપ્નો જોઇને જાગે છેઃ–

(૧) હાથી, (૨) બળદ, (૩) સિંહ, (૪) લક્ષ્મીનો અભિષેક, (૫) પુષ્પોની માળા, (૬) ચન્દ્ર, (૭) સૂર્ય, (૮) ધ્વજ, (૯) કુંભ, (૧૦) પદ્મ સરોવર, (૧૧) સમુદ્ર, (૧૨) વિમાન અથવા ભવન[2], (૧૩) રત્નનો રાશિ અને (૧૪) અગ્નિ*.

વાસુદેવની (યાને અર્ધચક્રવર્તીની) માતા ઉપર્યુક્ત ચૌદ સ્વપ્નો પૈકી ગમે તે સાત જુએ છે. એવી રીતે બલદેવની માતા કોઇ પણ ચાર જુએ છે; અને માંડલિક રાજાની માતા કોઈ પણ એક જુએ છે.

અહીં એ વાત ઉમેરીશ કે શાન્તિનાથ, કુન્થુનાથ અને અરનાથ એક જ ભવમાં અંતિમ ભવમાં ચક્રવર્તી તેમ જ તીર્થંકર થયા હતા. એથી એ પ્રત્યેકની માતાએ ઉપર્યુક્ત ચૌદ સ્વપ્નો એક જ વાર નહિ પણ બબ્બે વાર એક જ રાત્રિમાં જોયાં હતાં.

**ચૌદ સ્વપ્નનાં વર્ણનો**–પજ્જોસવણાકપ્પની બે વાચના હોય એમ લાગે છે. પ્રચલિત વાચનાનું પરિમાણ ૧૨૦૦ શ્લોક કરતાં કંઈક અધિક છે, જ્યારે અન્ય વાચનાનું બરાબર ૧૨૦૦ શ્લોક હોવાનું કહેવાય છે. પ્રચલિત વાચનાગત ચૌદ સ્વપ્નોનું હૃદયંગમ અને વિસ્તૃત વર્ણન **પજ્જોસવણાકપ્પ** (સુત્ત ૩૩–૪૬)માં જોવાય છે. આનાથી અમુક અંશે સંક્ષિપ્ત વર્ણન અન્ય વાચના પ્રમાણેના પજ્જોસવણાકપ્પમાં છે અને એ આગમોદ્ધારક **આનંદસાગરસૂરિએ** અન્યત્ર રજૂ કર્યાનું મેં સાંભળ્યું છે.

**સ્વપ્ન સંબંધી અનાગમિક કૃતિઓ**–**જિનરત્નકોશ**( વિ. ૧, પૃ. ૪૫૮ )માં નિમ્નલિખિત કૃતિઓનો ઉલ્લેખ છેઃ—

(૧) **સ્વપ્ન** ચિન્તામણિ-આના કર્તાનું નામ જાણવામાં નથી.

(૨) **સ્વપ્નપ્રદીપ** યાને **સ્વપ્નવિચાર**–આ. **વર્ધમાનસૂરિએ** ૨૦૦ શ્લોક જેવડી રચેલી કૃતિ છે.

(૩) **સ્વપ્નલક્ષણ**–આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

(૪) **સ્વપ્નાધિકાર**.

૧ આને અંગે " उम्मीवीयी जाव कलियं " ઉલ્લેખ છે.

૨ જો તીર્થંકર દેવલોકમાંથી ચ્યવેલા હોય તો વિમાન જુએ, જ્યારે નરકમાંથી આવેલા હોય તો ભવન જુએ.

* જુઓ વિ. ૫. (સ. ૧૬, ઉ. ૬, સુત )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૫) **સ્વપ્નાધ્યાય**

(૬) **સ્વપ્નાવલી**-આમાં ૨૧ પદ્યો છે.

(૭) સ્વપ્નાષ્ટકવિચાર.

આ સાતે કૃતિ સંસ્કૃતમાં હોય એમ લાગે છે. પાઇય કૃતિઓ નીચે મુજબ છેઃ—

(૧) **સુમિણવિયાર** (સ્વપ્ન વિચાર)-આ **જિનપાલગણિએ** રચેલી ૮૭૫ શ્લોક જેવડી કૃતિ છે.

(૨) **સુમિણસત્તરિયા** (સ્વપ્ન સપ્તિકા)-આના ઉપર 'ખરતર' ગચ્છના **સર્વદેવસૂરિએ** વિ. સં. **૧૨૮૭ માં જેસલમેરમાં** સંસ્કૃતમાં વૃત્તિ રચી છે.

(૩) સુમિણસુભાસિય (સ્વપ્નસુભાષિત)-આનો પ્રારંભ "सव्वण्णुवयण" થી થાય છે.

આમ આ અનાગમિક દસ કૃતિઓ ઉપરાંત જૈન કથા સાહિત્યને લગતા કોઇ કોઈ ગ્રંથમાં તેમજ **વિવેકવિલાસ** જેવી કૃતિઓમાં સ્વપ્ન વિષે કેટલીક હકીકત જોવાય છે.

**અવતરણ**—**જિનસૂરે પ્રિયંકરનૃપકથા**(પૃ. ૪૬)માં **સ્વપ્નશાસ્ત્ર**માં કહ્યું છે એવા ઉલ્લેખપૂર્વક ચાર પદ્યો આપ્યાં છે. આ **સ્વપ્નશાસ્ત્ર** તે કયું તે જાણવું બાકી રહે છે.

**સ્વપ્નલક્ષણપાઠક**—સ્વપ્નોનું ફળ કહેનારને સ્વપ્નલક્ષણપાઠક કહે છે. **મરુદેવાએ ઋષભદેવને જન્મ** આપ્યો ત્યારે કોઈ માનવી સ્વપ્નલક્ષણપાઠક હતો નહિ. કાલાંતરે મનુષ્યો પૈકી કેટલાકે સ્વપ્નશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને તેઓ સ્વપ્નલક્ષણપાઠક બન્યા. **પજ્જોસવણાકપ્પ**(સુત્ત ૬૭ ઇત્યાદિ)માં સ્વપ્નલક્ષણપાઠક વિષે કેટલીક બાબત અપાઇ છે.

**મહાવીરસ્વામીનાં દસ સ્વપ્નો-વિવાહપણ્ણત્તિ**(સ. ૧૬, ઉ. ૬, સુત્ત ૫૭૯)માં શ્રમણ ભગવાન **મહાવીરે** છદ્મસ્થ અવસ્થામાં એક રાત્રિના અંતિમ પ્રહરમાં નીચે મુજબનાં દસ સ્વપ્નો જોયાનો ઉલ્લેખ છેઃ—

(૧) એક ભયંકર અને તાડ જેટલા ઊંચા પિશાચને પરાજિત કર્યો.

(૨) એક શ્વેત પાંખવાળા નર કોયલને દીઠો.

(૩) એક ચિત્રવિચિત્ર પાંખવાળા નર-કોયલને જોયો.

(૪) એક સર્વ રત્નોવાળું માલા-યુગલ જોયું.

(૫) એક ધોળી ગાયોના ધણને દીઠું.

(૬) ચારે બાજુ ખીલેલા 'પદ્મ'સરોવરને જોયું.

(૭) એક મહાસાગરને હાથવડે તરી ગયા.

(૮) એક તેજસ્વી અને મોટા એવા સૂર્યને જોયો.

(૯) મોટા 'માનુષોત્તર' પર્વતને પોતાના લીલા રંગના આંતરડા વડે બધી બાજુએથી આવેષ્ટિત-પરિવેષ્ટિત કરેલો જોયો.

(૧૦) 'મેરુ' પર્વતની ચૂલિકા ઉપર સિંહાસન ઉપર પોતાના આત્માને બેઠેલો જોયો.

**દસ સ્વપ્નોનાં ફળ**-ઉપર્યુક્ત દસ સ્વપ્નો જે મહાવીરસ્વામીએ જોયાં તેનાં ફળ અનુક્રમે સુત્ત ૫૭૯ માં નીચે મુજબ દર્શાવાયાં છેઃ—

(૧) એમણે 'મોહનીય' કર્મનો સર્વાંશે નાશ કર્યો.

(૨) એમણે 'શુક્લ' ધ્યાન પ્રાપ્ત કર્યું.

(૩) એમણે બાર અંગોના સમૂહરૂપ ગણિપિટક પ્રરૂપ્યું.

(૪) એમણે શ્રમણોનો ધર્મ તેમ જ શ્રમણોપાસકોનો અર્થાત્ શ્રાવકોનો-ગૃહસ્થોનો એમ બે પ્રકારનો ધર્મ કહ્યો.

(૫) એમણે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘ સ્થાપ્યો.

(૬) એમણે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એમ ચારે પ્રકારના દેવોને પ્રતિબોધ પમાડ્યો.

(૭) એઓ સંસાર તરી ગયા.

(૮) એમણે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યાં અર્થાત્ એઓ સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા.

(૯) એમણે દેવલોકોમાં, મનુષ્યલોકમાં અને અસુરલોકમાં પુષ્કળ કીર્તિ, સ્તુતિ અને સન્માન મેળવ્યાં.

(૧૦) એમણે સર્વજ્ઞ બની દેવોની, મનુષ્યોની અને અસુરોની પર્ષદાઓમાં ધર્મની પ્રરૂપણા કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૫) **સ્વપ્નાધ્યાય**

(૬) **સ્વપ્નાવલી**–આમાં ૨૧ પદ્યો છે.

(૭) સ્વપ્નાષ્ટકવિચાર.

આ સાતે કૃતિ સંસ્કૃતમાં હોય એમ લાગે છે. પાઇય કૃતિઓ નીચે મુજબ છે:—

(૧) **સુમિણવિચાર** (સ્વપ્ન વિચાર)–આ જિનપાલગણિએ રચેલી ૮૭૫ શ્લોક જેવડી કૃતિ છે.

(૨) **સુમિણસત્તરિયા** (સ્વપ્ન સપ્તિકા)–આના ઉપર 'ખરતર' ગચ્છના **સર્વદેવસૂરિએ** વિ. સં. **૧૨૮૭ માં જેસલમેરમાં** સંસ્કૃતમાં વૃત્તિ રચી છે.

(૩) સુમિણસુભાસિય ( સ્વપ્નસુભાષિત )–આનો પ્રારંભ "सव्वण्णुवयण"થી થાય છે.

આમ આ અનાગમિક દસ કૃતિઓ ઉપરાંત જૈન કથા સાહિત્યને લગતા કોઇ કોઈ ગ્રંથમાં તેમજ **વિવેકવિલાસ** જેવી કૃતિઓમાં સ્વપ્ન વિષે કેટલીક હકીકત જોવાય છે.

**અવતરણ—જિનસૂરે પ્રિયંકરનૃપકથા**( પૃ. ૪૬ )માં **સ્વપ્નશાસ્ત્ર**માં કહ્યું છે એવા ઉલ્લેખપૂર્વક ચાર પદ્યો આપ્યાં છે. આ **સ્વપ્નશાસ્ત્ર** તે કયું તે જાણવું બાકી રહે છે.

**સ્વપ્નલક્ષણપાઠક**—સ્વપ્નોનું ફળ કહેનારને સ્વપ્નલક્ષણપાઠક કહે છે. **મરુદેવાએ ઋષભદેવને જન્મ** આપ્યો ત્યારે કોઈ માનવી સ્વપ્નલક્ષણપાઠક હતો નહિ. કાલાંતરે મનુષ્યો પૈકી કેટલાકે સ્વપ્નશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને તેઓ સ્વપ્નલક્ષણપાઠક બન્યા. **પજ્જોસવણાકપ્પ**( સુત્ત ૬૭ ઇત્યાદિ )માં સ્વપ્નલક્ષણપાઠક વિષે કેટલીક બાબત અપાઇ છે.

**મહાવીરસ્વામીનાં દસ સ્વપ્નો–વિવાહપણ્ણત્તિ**( સ. ૧૬, ઉ. ૬, સુત્ત ૫૭૯ )માં શ્રમણ ભગવાન **મહાવીરે** છદ્મસ્થ અવસ્થામાં એક રાત્રિના અંતિમ પ્રહરમાં નીચે મુજબનાં દસ સ્વપ્નો જોયાનો ઉલ્લેખ છે:—

( ૧ ) એક ભયંકર અને તાડ જેટલા ઊંચા પિશાચને પરાજિત કર્યો.

( ૨ ) એક શ્વેત પાંખવાળા નર કોયલને દીઠો

( ૩ ) એક ચિત્રવિચિત્ર પાંખવાળા નર–કોયલને જોયો.

( ૪ ) એક સર્વ રત્નોવાળું માલા–યુગલ જોયું.

( ૫ ) એક ધોળી ગાયોના ધણને દીઠું.

( ૬ ) ચારે બાજુ ખીલેલા 'પદ્મ'સરોવરને જોયું.

( ૭ ) એક મહાસાગરને હાથવડે તરી ગયા.

( ૮ ) એક તેજસ્વી અને મોટા એવા સૂર્યને જોયો

( ૯ ) મોટા 'માનુષોત્તર' પર્વતને પોતાના લીલા રંગના આંતરડા વડે બધી બાજુએથી આવેષ્ટિત –પરિવેષ્ટિત કરેલો જોયો.

(૧૦) 'મેરુ' પર્વતની ચૂલિકા ઉપર સિંહાસન ઉપર પોતાના આત્માને બેઠેલો જોયો.

**દસ સ્વપ્નોનાં ફળ**–ઉપર્યુક્ત દસ સ્વપ્નો જે મહાવીરસ્વામીએ જોયાં તેનાં ફળ અનુક્રમે સુત્ત ૫૭૯ માં નીચે મુજબ દર્શાવાયાં છે:—

( ૧ ) એમણે 'મોહનીય' કર્મનો સર્વાંશે નાશ કર્યો.

( ૨ ) એમણે 'શુક્લ' ધ્યાન પ્રાપ્ત કર્યું.

( ૩ ) એમણે બાર અંગોના સમૂહરૂપ ગણિપિટક પ્રરૂપ્યું.

( ૪ ) એમણે શ્રમણોનો ધર્મ તેમ જ શ્રમણોપાસકોનો અર્થાત્ શ્રાવકોનો–ગૃહસ્થોનો એમ બે પ્રકારનો ધર્મ કહ્યો.

( ૫ ) એમણે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘ સ્થાપ્યો.

( ૬ ) એમણે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એમ ચારે પ્રકારના દેવોને પ્રતિબોધ પમાડ્યો.

( ૭ ) એઓ સંસાર તરી ગયા.

( ૮ ) એમણે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યાં અર્થાત્ એઓ સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા.

( ૯ ) એમણે દેવલોકોમાં, મનુષ્યલોકમાં અને અસુરલોકમાં પુષ્કળ કીર્તિ, સ્તુતિ અને સન્માન મેળવ્યાં.

(૧૦) એમણે સર્વજ્ઞ બની દેવોની, મનુષ્યોની અને અસુરોની પર્ષદાઓમાં ધર્મની પ્રરૂપણા કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિન દર્શનની તૃષા

લેખક : ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા એમ. બી. બી, એસ.

ભાવ્ય ભાવકપણાએ કરીને (જ્યાં ભાવ્ય-ભાવક વિભાગ પ્રત્યસ્તમિત થયો છે—આથમી ગયો છે એવી અભેદ ભક્તિપણે)નો આગમ ભાવનમસ્કાર* હો !' આવા આ શુદ્ધાત્મતત્ત્વ-પ્રવૃત્તિલક્ષણ સનાતન મોક્ષમાર્ગે તીવ્ર મોક્ષાભિલાષારૂપ 'સંવેગધા'-અત્યંત વેગથી ગમન કરતો હું શુદ્ધાત્માનુભૂતિમય શુદ્ધોપયોગદશારૂપ શ્રામણ્યને સાધી સામર્થ્યયોગનો માર્ગ બૂલી ધીઠાઇ કરી સંચરૂં છું-સમ્યક્પણે ચાલી રહ્યો છું,—'ધીઠાઈ કરી મારગ સંચરૂં'.

## 'સેંગૂં કોઈ ન સાથ'

આમ આવા આ વિકટ દુર્ઘટ માર્ગે ધીઠાઇ કરી સંચરવાની હું હામ ભીડું છું, પણ 'સેંગૂં[1] કોઇ ન સાથ',—સાથેમાં કોઈ 'સેંગૂં'-સહગામી સોબતીનો 'સાથ'—સથવારો-સંગાથ નથી, એ મહાખેદની વાર્તા છે; આ યથોક્ત મોક્ષમાર્ગે પ્રવૃત્તિ કરનારો 'મારી હેડીનો' કોઈ સન્માર્ગ સન્મિત્ર-પરમાર્થ સુહૃદ્ મને ગોત્યો જડતો નથી એ મોટા અફસોસની વાત છે. તેઓ કોઈ હૃદયના વિશ્રામ-સ્થાનરૂપ પરમાર્થ સુહૃદ્ હોય તો ગમે તેવા વિકટ માર્ગની વિકટતા ન વેદાય. ને પરસ્પર સહાયથી એકબીજાનું પરમાર્થ પોષણ કરતાં માર્ગે સુગમતાથી લીલાથી આગળ વધી શકાય. ઘણો વિકટ પંથ હોય, પણ સાથે જો સથવારો-સોબતી હોય તો પંથની વિકટતા જણાતી નથી અને વિકટ પંથ પણ સુગમ-તાથી ઉલ્લંઘી જવાય છે, તેમ અત્રે પરમાર્થમાં પણ તેમ જ છે મૂળે આ તમારા દર્શનના વિકટ માર્ગે પ્રવાસ કરનારા પ્રવાસીઓ જ વિરલ હોય છે, સિંહશિશુ જેવા એકલદોકલ જ હોય છે; સિંહના કાંઈ ટોળેટોળા નથી હોતા તેમ આવા વિકટ વીતરાગ પંથના પ્રવાસી કોઈ વિરલા જ હોય છે; તેમાં પણ વર્તમાનમાં તો હે ભગવન્ ! મને માર્ગમાં સહાયરૂપ થઇ પડે એવો કોઈ પણ 'સાથ'-સંગાથી દીસતો નથી. એટલે મ્હારે તો એકલવાયાપણે જ માર્ગ ઉલ્લંઘવાનો રહે છે. એ મહાખેદની વાર્તા હું ત્હારી સમક્ષ પોકારૂં છું. પણ જે નથી તેનો અફસોસ શો ? માટે હું તો કેવલ મ્હારા પોતાના જ જંઘા-બલ પર આધાર રાખીને—મ્હારા પોતાના જ આત્મ-પુરુષાર્થરૂપ આત્મપરાક્રમ પર મુસ્તાક રહીને આ ત્હારા પરમાત્મદર્શનના વિકટ દુર્ઘટ પંથને ઉલ્લંઘવા સર્વાત્માથી પ્રવર્તી રહ્યો છું; અને તેનું પરમ પ્રેરક કારણ પણ આ ત્હારા પરમાત્મદર્શનની મ્હારી તીવ્ર તૃષા જ છે.—'અભિનંદન જિન દરશન તરસિયે'.

[ સમાપ્ત ]

---

૧ **આનંદઘનજીના** આ વેધક અંતરોદ્ગાર વર્ત-માનમાં **શ્રીમદ્ રાજચંદ્રજીના** આજ અંતરોદ્ગારનું સ્મરણ કરાવે છે. સમાનશીલ અને સમાનધર્મા સત્સંગી સાચા સંત સુહૃદોનો વિરહ બન્નેને અત્યંતપણે સંવેદાયો છે, છતાં તેઓનો પુરુષાર્થ અસીમ છે, અસાધારણ છે. મોક્ષમાર્ગના આ વિરલ પ્રવાસી પુરુષસિંહોએ અપૂર્વ આત્મજાગ્રતિપૂર્વક મોક્ષમાર્ગે અપ્રમત્ત અખંડ પ્રયાણ આદર્યું છે. એ વસ્તુની આ બન્ને સંત મહાત્માઓના આત્માનુભૂતિમય વચનામૃતો જ સાક્ષી પૂરે છે.

* "यत: सर्व एव सामान्यचरमशरीरास्तीर्थकरा: अचरमशरीरा मुमुक्षवश्चामुनैव यथोदितेन शुद्धात्मतत्त्व-प्रवृत्तिलक्षणेन विधिना प्रवृत्तमोक्षस्य मार्गमधिगम्य, सिद्धा बभूवु:, न पुनरन्यथापि । ततोऽवधार्यते केवलमयमेक एव मोक्षस्य मार्गो न द्वितीय इति । अलं च प्रपञ्चेन । तेषां शुद्धात्मतत्त्वप्रवृत्तानां तस्य शुद्धात्मतत्त्वप्रवृत्तिरूपस्य मोक्षमार्गस्य च प्रत्यस्तमितभाव्यभावकविभागत्वेन नोआ-गमभावनमस्कारोऽस्तु ॥ "

—પરમર્ષિ **શ્રી અમૃતચંદ્રાચાર્ય** કૃત પ્રવચનસારટીકા ૨-૧૦૭.

For Private And Personal Use Only